# ૧૦.૯ શાશ્વતીની આરાધના, નવપદજીની ઓળી

આસો માસની સુદ ૭થી પૂનમ સુધી ૯ આયંબિલ કરવી. પછી ચૈત્ર સુદ ૭થી પૂનમ સુધી ૯ આયંબિલ કરવી. આ પ્રમાણે દરેક આસો અને ચૈત્ર મહિનાની આયંબિલની ઓળી કુલ ૯ વાર વચ્ચે ખાડો પાડ્યા વગર કરવી. જો તિથિની વધઘટ હોય તો સુદ ૬ અગર સુદ૮થી ઓળી શરૂ કરવી. આને **શ્રી સિદ્ધચક્રજી ઓળી** પણ કહેવામાં આવે છે. જ્ઞાની ભગવંતોએ એનો અપૂર્વ મહિમા કહ્યો છે. તે ભવભ્રમણનો અંત કરવામાં અદ્વિતીય સાધનભૂત છે. વ્રતિકો શ્રી સિદ્ધચક્રપદની અલૌકિકપણે આરાધના કરવાથી આત્મકલ્યાણ કરવા સાથે લૌકિક સંપદા પ્રાપ્ત કરનાર. સતી મયણાસુંદરી અને શ્રીપાલ રાજાના ચરિત્રનું ભાવપૂર્વક શ્રવણ તેમજ મનન કરે છે.

નવપદજીનાં નવપદોનું માહાત્મ્ય એવા પ્રકારનું છે કે તેનું યથાર્થ વિધિપૂર્વક આરાધન કરનાર ઉત્કૃષ્ટ નવમે ભવે અવશ્ય સિદ્ધિપદને પામે છે. વચ્ચે દેવ અને મનુષ્યના ઉત્તમ સામગ્રીયુક્ત ભવો પામે છે અને જગતમાં ઉત્તમ પ્રકારનાં યશ અને કીર્તિ પામે છે. તેના આરાધનાનાં દૃષ્ટાંતો જોઈએ.

**અરિહંત** પદારાધનથી દેવપાળ રાજા (રાજયના સ્વામી) તથા કાર્તિકશ્રેષ્ઠી (ઈન્દ્ર) થયા.
**સિદ્ધ** પદારાધનથી પુંડરીકજી, પાંડવો અને રામચંદ્રજી મુક્તિ પામ્યા.
**આચાર્ય** પદારાધનથી પ્રદેશી રાજા (સૂર્યાભદેવ) થયા.
**ઉપાધ્યાય** પદારાધનથી રોહિણી સતી શિરોમણિ થઈ.
**દર્શન** પદારાધનથી સુલસા તીર્થંકર થશે.
**જ્ઞાન** પદારાધનથી શીલવતી પ્રકર્ષ પુણ્યશાળી થઈ.
**ચારિત્ર** પદારાધનથી શિવકુમારના ભવે આરાધનાર જંબુકુમાર ચરમ કેવળી થયા.
**તપ** પદારાધનથી વીરમતીના પૂર્વભવે આરાધનાર દમયંતી પ્રકર્ષ પુણ્યવતી થઈ.

## વિધિ :

ઓળીના નવે દિવસ શુદ્ધ ભૂમિ પર બાજોઠ કે સિંહાસન પર નવપદ (શ્રી સિદ્ધચક્ર)જીની સ્થાપના કરી, વાસક્ષેપ આદિથી પૂજા કરી, સ્તુતિ કરી, ચૈત્યવંદન કરવું. ત્રિકાળ પૂજન કરવું. સ્નાત્રપૂજા કરવું. સ્નાત્રપૂજા તથા તે તે પદની પૂજા ભણાવવી. આયંબિલ કરીને ઊઠતી વખતે તિવિહારનાં પચ્ચક્ખાણ કરવાં. ત્યાર પછી સ્થાપનાજી સન્મુખ ઈરિયાવહિય પડિક્કમી, જગચિંતામણિથી જય વીયરાય પર્યંતનું ચૈત્યવંદન કરવું. ત્યાર પછી જ પાણી વાપરવું.

નવપદ વર્ણ, ગંધ અને સ્પર્શરહિત છે. પણ પૂર્વાચાર્યોએ તેના વર્ણની કલ્પના ધ્યાતા–સાધકની અપેક્ષાએ કરી છે. એ નોંધપાત્ર છે કે આ કલ્પના આધુનિક અમેરિકન માનસશાસ્ત્રીઓના મત સાથે સંપૂર્ણ મળતી આવે છે. તે મત મુજબ મનના વિચારો, આકારો અને વર્ણો અમુક પ્રકારના હોય છે, તેમ માનસ્ વિદ્યુતકિરણ યંત્ર (mental eye-rays machine) વડે તપાસ્યું છે. હવે ધ્યાનની શરૂઆત કરનાર મનુષ્યને આંખો મીંચી અંતર્મુખ થતાં હૃદયમાં અષ્ટદળ કમળનું ચિંતવન કરતાં પ્રથમ શ્યામ વર્ણ ભાસે છે; પછીથી ધીમે ધીમે નીલ, પીત અને શ્વેત ભાસે છે. છેવટે તેજના ગોળા જેવો લાલ વર્ણ ધ્યાનગોચર થાય છે. ધ્યાનના દીર્ઘ અભ્યાસ વડે એકદમ લાલવર્ણ મનોગ્રાહ થઈ શકે છે. સાધુથી અરિહંત પદ સુધીનું ધ્યાન અનુક્રમે શ્યામથી શ્વેત વર્ણની કલ્પના દ્વારા થાય છે. આ રીત. સાધક મનુષ્ય ‘સાધુપદ’થી આરંભને ‘સિદ્ધિ’ના ધ્યાન સુધી પહોંચી શકે છે. અરિહંતાદિ પંપરમેષ્ઠીઓ જ્ઞાનાદિ ગુણોને અનુભવનાર (Practical) વ્યક્તિઓ હોવાથી ધ્યાનને માટે જુદા જુદા વર્ણો પોતપોતાના ક્રમ અનુસાર કલ્પેલા છે. અને સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ પોતે આત્માના ગુણો (theories) જ હોવાથી શ્વેત વર્ણ કલ્પેલા છે. આ રીતે વર્ણોની સાથે ધ્યાનની મનોવૃત્તિનો સમન્વય છે.

આ નવપદમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વોનો સમાવેશ થયેલો છે. અરિહંત અને સિદ્ધ દેવતત્ત્વ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ગુરુ તરીકે છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપથી ધર્મતત્ત્વનું ગ્રહણ થાય છે. આ ત્રણ તત્ત્વોની પરીક્ષાપૂર્ણ જે સદ્ હણા જાગે છે તે જ જૈન ધર્મરૂપી વિશાળ વૃક્ષનું મૂળ ગણાય છે.

જો વ્રતિકો વધુ આકરું તપ કરવા ઈચ્છે છે તે દરેક આયંબિલને દિવસે જે-તે પદના વર્ણ અનુસાર એક જ ધાન્યની વાનગીઓના ઉપયોગ દ્વારા આયંબિલ કરે છે તે પણ તે સિવાયની સમાન ક્રિયા નીચે આપેલી વિગતો મુજબ દરેક વ્રતિક કરે છે.

## નવપદની ઓળીની વિધિ

| દિવસ | નવપદનાં નામ | લોગસ્સનો કાઉસ્સગ્ગ | ખમાસમણાં | માળા કેટલી કેવા રંગની | ભોજન કેવા રંગનું ધાન્ય |
|---|---|---|---|---|---|
| ૧. | ૐ હ્રીં શ્રીં નમો અરિહંતાણં | ૧૨ | ૧૨ | ૨૦-ધોળી | શ્વેત-ચોખા |
| ૨. | ૐ હ્રીં શ્રીં નમો સિદ્ધાણં | ૮ | ૮ | ૨૦-રાતી | લાલ-ઘંઉ |
| ૩. | ૐ હ્રીં શ્રીં નમો આયરિયાણં | ૩૬ | ૩૬ | ૨૦-પીળી | પીળું-ચણા |
| ૪. | ૐ હ્રીં શ્રીં નમો ઉવજ્ઝાયાણં | ૨૫ | ૨૫ | ૨૦-લીલી | લીલા-મગ |
| ૫. | ૐ હ્રીં શ્રીં નમો લોએસવ્વસાહૂણં | ૨૭ | ૨૭ | ૨૦-કાળી | કાળા-અડદ |
| ૬. | ૐ હ્રીં શ્રીં નમો નાણસ્સ | ૫૧ | ૫૧ | ૨૦-ધોળી | શ્વેત-ચોખા |
| ૭. | ૐ હ્રીં શ્રીં નમો દંસણસ્સ | ૬૭ | ૬૭ | ૨૦-ધોળી | શ્વેત-ચોખા |
| ૮. | ૐ હ્રીં શ્રીં નમો ચરિત્તસ્સ | ૭૦ | ૭૦ | ૨૦-ધોળી | શ્વેત-ચોખા |
| ૯. | ૐ હ્રીં શ્રીં નમો તવસ્સ | ૫૦ | ૫૦ | ૨૦-ધોળી | શ્વેત-ચોખા |

પારણાના દિવસે સવારમાં હંમેશની માફક પ્રતિક્રમણ, પડિલહેણ, દેવવંદન અને ૯ ચૈત્યવંદન કરવાં. ૯ સાથિયા કરવા તેમજ ગુરુવંદન કરી બિયાસણાનું પચ્ચક્ખાણ કરવું. શ્રી સિદ્ધિચક્રમહિમાગર્ભિત દુહાઓ સાથે ખમાસમણ દેવું. 'શ્રી વિમલશ્વરચક્રેશ્વરીપૂજિતાય જિનશાસન-પરમતત્ત્વાય શ્રી સિદ્ધચક્રાય નમોનમ:' પદ બોલીને ૯ ખમાસમણ દેવાં.

કાઉસ્સગ્ગ - ઈરિયાવહીયા પડિક્કમી, ખમા. દઈ, ઈચ્છા. સ. ભ. "શ્રી વિમલેશ્વર-ચક્રેશ્વરી પૂજિત-સિદ્ધચક્રારાધાર્થ" કાઉસગ્ગ કરું? 'ઈચ્છં' શ્રી વિમલેશ્વરચક્રેશ્વરીપૂજિત - શ્રી સિદ્ધચક્રારાધાનાર્થ કરેમિ કાઉસગ્ગં કહી, અન્નત્થ કરી, ૯ લોગસ્સનો 'ચંદેસુ નિમ્મલયરા' સુધી કાઉસગ્ગ કરવો. પાળીને પ્રગટ સંપૂર્ણ લોગસ્સ કહી, ખમાસમણ દઈ, 'અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં' કહેવું.

છેવટે 'ૐ હ્રીં શ્રી વિમલેશ્વરચક્રેશ્વરી પૂજિતાય શ્રી સિદ્ધપક્રાય નમોનમ:' મંત્રનો ૨૦ નવકારવાળીથી જાપ કરવો.

જીવનમાં કમસેકમ એકવાર પણ ૯ દિવસની વિધિપૂર્વક આંબેલની ઓળી કરવાથી સેંકડો લાભ પ્રાપ્ત થાય છે.